# 34,000 ફૂટ ઉપર કોકપિટમાં આતંકનો ખેલ!

ફલાય દુબઈનું વિમાન 34,000 ફૂટની ઊંચાઈએ હતું... નીચે રણ... આગળ ઇઝરાયેલ... અને અચાનક વિમાન મોત તરફ ધસી રહ્યું હતું! મુસાફરોને કંઈ સમજાય એ પહેલાં જ વિમાનની ઊંચાઈ ઝડપથી ઘટવા લાગી. બાળકો ચીસો પાડવા લાગ્યાં. મુસાફરો ગભરાઈ ગયા. કોઈને ખબર નહોતી કે આકાશમાં તેમની સાથે શું બની રહ્યું છે. પરંતુ વિમાનની કોકપિટમાં જે બની રહ્યું હતું તે તો આ બધાથી પણ ભયાનક હતું. એક પાયલટે બીજા પાયલટ પર ચાકુથી હુમલો કર્યો હતો અને વિમાનને જ ક્રેશ કરાવવાની કોશિશ શરૂ કરી હતી!











આ ઘટના 30 સપ્ટેમ્બર, 2026ના રોજ દુબઈથી તેલ અવીવ જઈ રહેલી Flydubaiની FZ1073 ફલાઇટમાં બની. બોઈંગ 737માં લગભગ 174 લોકો સવાર હતા. વિમાન દુબઈથી ઇઝરાયેલ તરફ જઈ રહ્યું હતું ત્યારે અચાનક હજારો ફૂટ નીચે ધસી ગયું. માત્ર બે મિનિટથી પણ ઓછા સમયમાં વિમાને 17,000 ફૂટથી વધુ ઊંચાઈ ગુમાવી દીધી. (ફોટો ૧). એ સમયે એર ટ્રાફિક કન્ટ્રોલને ઇમરજન્સી કોડ 7700 મળ્યો. પરંતુ થોડી જ ક્ષણોમાં આ કોડ બદલાઈને 7500 થઈ ગયો. વિમાનચાલનમાં 7500નો અર્થ અત્યંત ભયાનક છે. વિમાન હાઇજેક થયું છે! ઇઝરાયેલમાં અફરાતફરી મચી ગઈ. સુરક્ષા દળો સક્રિય થઈ ગયા. ફાઇટર જેટ તૈયાર કરવામાં આવ્યાં. પણ ત્યાં સુધીમાં વિમાનની અંદર જીવ બચાવવા માટેની લડાઈ શરૂ થઈ ચૂકી હતી. કોકપિટમાં વિમાનના કમાન્ડિંગ પાયલટ હતા ભારતીય નાગરિક કેપ્ટન સ્મિત મછછર. તેમના જ કો-પાયલટે તેમના પર ચાકુથી હુમલો કર્યો. સ્મિત ગંભીર રીતે ઘાયલ થઈ ગયા. શરીરમાંથી લોહી વહી રહ્યું હતું. પરંતુ હુમલાખોર ત્યાં અટક્યો નહીં. તેણે વિમાનની સિસ્ટમ સાથે છેડછાડ શરૂ કરી અને વિમાનને વિનાશ તરફ લઈ જવાનો પ્રયાસ કર્યો. વિમાન ઝડપથી નીચે આવી રહ્યું હતું.

એક તરફ ઘાયલ ભારતીય પાયલટ...બીજી તરફ ચાકુધારી હુમલાખોર...અને વચ્ચે લગભગ 174 નિર્દોષ જિંદગીઓ! આ કોઈ ફિલ્મનું દૃશ્ય નહોતું. આકાશમાં ખરેખર મોત સાથેની લડાઈ ચાલી રહી હતી. હવે બચવાનો એક જ રસ્તો હતો... સ્મિત મછછર સમજી ગયા કે જો કોકપિટનો દરવાજો બંધ રહ્યો તો વિમાનમાં બેઠેલા કોઈપણ વ્યક્તિ પાસે બચવાનો રસ્તો નહીં રહે. ગંભીર રીતે ઘાયલ હોવા છતાં તેમણે અદભુત

## ચાકુ લઈને કોકપિટમાં ઘૂસ્યો આતંકી પાયલટ... વિમાનને ક્રેશ કરાવવાની તૈયારી... અને એક ભારતીય પાયલટે બચાવી 174 જિંદગીઓ!

હિંમત બતાવી. તેમણે કોકપિટનો દરવાજો ખોલી નાખ્યો! આ એક નિર્ણયે આખી ઘટનાની દિશા બદલી નાખી. કોકપિટનો દરવાજો ખુલતાં જ મુસાફરો અને ક્રૂના સભ્યો અંદર ધસી આવ્યા. ઇઝરાયેલી મુસાફર યાનિવ હયુને હુમલાખોરને પકડી લીધો અને તેને કોકપિટની બહાર ખેંચી કાઢ્યો. બીજા મુસાફરો પણ તેના પર તૂટી પડ્યા. એક મુસાફરે તો હેડફોનના તાર અને ઝિપ-ટાઈથી હુમલાખોરને બાંધી દીધો. મુસાફરો હવે પેસેન્જર નહોતા રહ્યા. તેઓ વિમાન બચાવવા માટે લડતા સૈનિક બની ગયા હતા. પણ સૌથી મોટો ખતરો હજુ બાકી હતો...

**તર્ક-વિતર્ક**
**ધનંજય રાવલ**

હુમલાખોર કાબૂમાં આવી ગયો હતો. પરંતુ વિમાન હજુ આકાશમાં ઊંચાઈ ગુમાવતું હતું. વિમાનમાં અફરત અફરીનો માહોલ હતો. કોકપિટમાં પાયલટ ગંભીર રીતે ઘાયલ હતો. ત્યારે અચાનક બીજી એક ચમત્કારિક બાબત સામે આવી. વિમાનમાં અન્ય પાયલટો મુસાફર તરીકે હાજર હતા! તેઓ કોકપિટમાં પહોંચ્યા અને વિમાનનું નિયંત્રણ સંભાળ્યું. એક પછી એક નિર્ણયો લેવામાં આવ્યા અને અંતે વિમાનને ઇઝરાયેલ તરફ લઈ જવાને બદલે સાઉદી અરેબિયાના તબુક એરપોર્ટ તરફ વાળવામાં આવ્યું. થોડા સમય પછી આ વિમાન સુરક્ષિત રીતે રનવે પર ઊતરી ગયું. વિમાન જમીન પર આવ્યું ત્યારે જાણે 174 લોકોએ ફરી જન્મ લીધો હોય! લોહીલુહાણ ભારતીય પાયલટ લેન્ડિંગ પછીનું દૃશ્ય પણ હચમચાવી નાખે તેવું હતું. કેપ્ટન સ્મિત મછછર ગંભીર રીતે ઘાયલ હતા. તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. હુમલાખોરને પણ કસ્ટડીમાં લેવામાં આવ્યો. પરંતુ એક વાત આખી દુનિયાને સ્પષ્ટ થઈ ગઈ હતી.જો સ્મિત મછછરે હિંમત ન બતાવી હોત, તો આ વિમાન ક્યાં પહોંચ્યું હોત તેની કોઈ કલ્પના પણ કરી શકાતી નથી. ઇઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ કેપ્ટન સ્મિતને “સાચા હીરો” ગણાવ્યા અને કહ્યું કે તેમણે અસાધારણ બહાદુરી બતાવીને 174 લોકોના જીવ બચાવ્યા. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ કેપ્ટન સ્મિત મછારની બહાદુરીને બિરદાવી અને કહ્યું કે તેમના શૌર્યથી મોટી દુર્ઘટના ટળી.

11 સપ્ટેમ્બર, 2001ના રોજ આતંકવાદીઓએ વિમાનો હાઇજેક કરીને અમેરિકામાં ભયાનક વિનાશ સર્જ્યો હતો. 30 સપ્ટેમ્બર, 2026ના રોજ ઇતિહાસ જાણે ફરી એક વખત એ જ ભયાનક દિશામાં આગળ વધી રહ્યો હતો. ફરક એટલો હતો કે આ વખતે આતંકી જીત્યો નહીં. આ વખતે કોકપિટમાં એક ભારતીય પાયલટ ઊભો હતો. તેના શરીરમાંથી લોહી વહી રહ્યું હતું, પરંતુ તેની હિંમત તૂટી નહોતી. તેણે કોકપિટનો દરવાજો ખોલ્યો. મુસાફરોને અંદર આવવાની તક આપી. હુમલાખોરને કાબૂમાં લેવામાં મદદ કરી. અને આખરે વિમાનમાં બેઠેલા લોકોના જીવ બચાવવાની પ્રક્રિયાનો સૌથી નિર્ણાયક ભાગ બની ગયો.

એક ભારતીય... અને સેંકડો જિંદગીઓ !આ ઘટના કદાચ લાંબા સમય સુધી વિશ્વની એવિએશન હિસ્ટ્રીમાં યાદ રહેશે. એક પાયલટે પોતાના જ સહ-પાયલટના હુમલા સામે લડીને માત્ર પોતાનો જીવ બચાવ્યો નહીં.તેણે આખું વિમાન બચાવ્યું. વિમાન જ્યારે તબુકના રનવે પર ઊતર્યું ત્યારે માત્ર એક વિમાન લેન્ડ થયું નહોતું.એક ભયાનક દુર્ઘટના અટકી હતી. એક આતંકી કાવતરું નિષ્ફળ ગયું અને એક ભારતીય પાયલટે દુનિયાને બતાવી દીધું હતું કે સંકટની અંતિમ ક્ષણે હિંમત શું હોય છે.સલામ, કેપ્ટન સ્મિત મછછર! તમારી હિંમતને સલામ. તમારી ફરજપરસ્તીને સલામ.અને એ 174 જિંદગીઓને બચાવનાર તમારા સાહસને આખા ભારત તરફથી સલામ!

## અનુસંધાન

... પાના ત્રીજાનું

### ફ્રાન્સમાં વિદ્યાર્થી...

પર ઉતર્યા હતા. પરંતુ મંગળવારથી આ અશાંતિ ઝડપથી ફેલાઈ છે, જેમાં અત્યાર સુધીમાં લગભગ 600 લોકોની અટકાયત કરવામાં આવી છે અને 85 પોલીસ કર્મચારીઓ ઘાયલ થયા છે. આ સપ્તાહે સેન્ટ-ડેનિસના ડાબેરી મેયર બાલી બાગાયોકોએ મંગળવારે પ્રદર્શનકારીઓને “હિંસા વ્યાજબી હોઈ શકે છે” એવું નિવેદન આપ્યા બાદ પરિસ્થિતિ વધુ વણસી હતી, જે નિવેદને સમગ્ર દેશમાં ભારે રોષ જગાવ્યો છે.

માર્સેઇલમાં, વિક્ટર હ્યુગો હાઇ સ્કૂલ પર આગ ચાંપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, જ્યાં સ્ટાફના સભ્યો પર પેટ્રોલ છાંટવામાં આવ્યું હતું. સ્ટાફના તમામ સભ્યોએ તેમની સુરક્ષા માટે શાળાના બિલ્ડિંગની અંદર શરણ લેવાની ફરજ પડી હતી. શાળાના ફુટેજમાં પ્રવેશ હોલના તમામ માળ સળગતા જોવા મળ્યા હતા, જ્યારે આસપાસ ઉભેલા લોકો તેને જોઈ રહ્યા હતા. દૂરથી લેવાયેલા અન્ય એક વિડીયોમાં બિલ્ડિંગમાંથી ધુમાડાના ગોટા નીકળતા દેખાતા હતા.

### હીરો પાયલોટ...

મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું કે તેઓ આ હિંમતવાન પાયલટ, ક્રૂ મેમ્બર્સ અને હુમલા વચ્ચે અસાધારણ સાહસ દર્શાવનાર તમામ લોકોને સલામ કરે છે. રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ કહ્યું કે દેશને મછાર પર તેમની હિંમત અને અસાધારણ સમયસૂચકતા બદલ ગૌરવ છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે સખત ઈજાગ્રસ્ત થયા હોવા છતાં આ પાયલોટે બતાવેલી હિંમત ઉદાહરણરૂપ છે. આ વિમાન જ્યાં જઈ રહ્યું હતું તે ઈઝરાયેલના વડાપ્રધાન નેતાન્યાહુ સહિત અનેક દેશોના નેતાઓએ કેપ્ટન સ્મિત મછારની પ્રશંસા કરી હતી. નેતાન્યાહુએ આ પાયલોટ તથા કોકપીટમાં દાખલ થઈને વિમાનને સ્થિર કરનાર અન્ય કર્મચારીઓની પ્રશંસા કરી હતી. અમેરિકી પ્રમુખ ટ્રમ્પે આ પાયોટને હીરો ગણાવતા કહ્યું હતું કે જે રીતે તેણે કોકપીટનો દરવાજો ખોલીને મદદ માગવામાં સફળતા મેળવી તે અદભૂત છે. ઈઝરાયેલના બીજા પણ નેતાઓ અને નાગરિકોએ પણ કેપ્ટન મછારની પ્રશંસા કરી હતી.

બીજી બાજુ, કેપ્ટન સ્મિત મછારના મુંબઇના તિલકનગર ખાતેના નિવાસસ્થાનની બહાર લોકોની ભીડ જામી હતી. કેટલાક તો સ્મિતના ફોટાઓ લઇને ઉભા હતા. ભારત માતા કી જયના નારા પણ લગાવ્યા હતા અને લોકોએ સ્મિત મછાર માટે શૌર્ય ચંદ્રક જેવા કોઇ એવોર્ડની માગણી કરી હતી. કોઇએ તો ભારત રત્નની પણ માગણી કરી હતી.

### ગુજરાતી પાઇલટને...

ક્રેશ કરવાના કથિત સહ-પાઇલટના પ્રયાસને નિષ્ફળ બનાવતી વખતે ગંભીર ઈજાગ્રસ્ત થયેલા ભારતીય પાઇલટ કેપ્ટન સ્મિત મચ્છારની તબિયત સારી છે અને સારી રીતે સાજા થઈ રહ્યા છે.’’

# અબ્રાહમ કરારને નબળો પાડવા માટે વિમાનમાં આતંકી હુમલો કરવામાં આવ્યો હતો?



બુધવારે યુએઈથી પરત ફરી રહેલી ફ્લાયદુબઈ ફ્લાઇટ FZ1073 માંથી ઈમરજન્સી સિગ્નલ મળતાં ઈઝરાયલમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. આ સિગ્નલ વિમાન અપહરણની ઘટનામાં આપવામાં આવતા સિગ્નલ જેવો જ હતો. લગભગ ૧૮૦ ઈઝરાયલીઓ વિમાનમાં હતાં. સરકાર, સૈન્ય અને સુરક્ષા એજન્સીઓને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યાં હતાં અને કટોકટીનો સામનો કેવી રીતે કરવો તે અંગે ચર્ચા શરૂ થઈ હતી. પરિસ્થિતિ પર ઝડપથી ચર્ચા કરીને, દેશના નેતૃત્વે ઓછામાં ઓછા ત્રણ વિકલ્પો પર નિર્ણય લીધો. સિગ્નલ મળ્યા પછી ઈઝરાયલી સૈન્યે વિવિધ પરિસ્થિતિઓ માટે તૈયારી કરી હતી. ૯/૧૧ જેવી પરિસ્થિતિ ટાળવા માટે તેઓએ વિમાનને તોડી પાડવાની પણ ચર્ચા કરી હતી. ઈઝરાયલી વાયુસેનાએ ફાઈટર જેટ તૈનાત કરવાનું અને એક ચુનંદા યુનિટ મોકલવાનું પણ વિચાર્યું હતું. ઈઝરાયલે ત્રણ વિકલ્પો પર વિચાર કર્યો હતો. આમાંથી કોઈ પણ જરૂરી નહોતું, કારણ કે વિમાન સાઉદી અરેબિયામાં સુરક્ષિત રીતે ઊતર્યું હતું.

ઇઝરાયલે જે પહેલી પરિસ્થિતિ માટે તૈયારી કરી હતી તે હતી વિમાન ઇઝરાયલી ક્ષેત્રમાં ક્રેશ થવાની શક્યતા. વાયુસેનાનાં લડાયક વિમાનોને ઝડપથી જોર્ડન મોકલવામાં આવ્યાં હતાં. વિચાર એ હતો કે જો વિમાન ઈઝરાયેલ તરફ આગળ વધશે, તો તેને ૯/૧૧ જેવો હુમલો અટકાવવા માટે ગોળી મારી દેવી પડશે, જેથી ન્યૂયોર્કમાં થયેલા હુમલા જેવા હુમલાને અટકાવી શકાય. ઈઝરાયેલી અધિકારીઓએ અનુમાન લગાવ્યું હતું કે જો વિમાનનું અપહરણ કરવામાં આવ્યું હોય, તો તેનો હેતુ અમેરિકામાં ૯/૧૧ જેવો હુમલો કરવાનો હોઈ શકે છે. તેઓ માનતા હતા કે પાઇલોટ ઈઝરાયેલમાં કોઈ ચોક્કસ લક્ષ્યને નિશાન બનાવવાનો પ્રયાસ કરી રહ્યો હશે. બીજી પરિસ્થિતિ માટે તૈયારીઓ કરવામાં આવી હતી તે એ હતી કે વિમાન જોર્ડન અથવા સાઉદી અરેબિયામાં ક્રેશ થઈ શકે છે. આવી પરિસ્થિતિમાં વાયુસેનાના સ્પેશ્યલ યુનિટ, શાલદાગના કમાન્ડોને તૈનાત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ વર્ષે એપ્રિલમાં ઈરાનમાં F-15E સ્ટ્રાઈક ઈગલ ક્રેશ થયા બાદ આ જ યુનિટે બે અમેરિકન એરક્રૂ સભ્યોને બચાવ્યા હતા.

ઈઝરાયલમાં માનવામાં આવતી ત્રીજી શક્યતા એ હતી કે હુમલાખોરો વિમાનને હાઇજેક કરી શકે છે અને તેમની સામે કેટલીક માંગણીઓ કરી શકે છે. ઇઝરાયલી અધિકારીઓએ વિચાર્યું હતું કે સોદાબાજીના સાધન તરીકે વિમાનમાં સવાર મુસાફરોનું હાઇજેક થઈ શકે છે. આ પરિસ્થિતિનો સામનો કરવા માટે ઈઝરાયેલના રાષ્ટ્રીય આતંકવાદવિરોધી અને બંધક-બચાવ એકમ YAMAM ને સતર્ક કરવામાં આવ્યું હતું. જે પાઇલોટે સાથી પાઇલોટને ચાકુ મારીને ફ્લાયદુબઈ વિમાનને ક્રેશ કરવાનો પ્રયાસ કર્યો હતો તે ઓમાનનો હોવાનું કહેવાય છે.

સુરક્ષા અધિકારીઓને ટાંકીને ઇઝરાયલી મીડિયાએ એવો પણ દાવો કર્યો હતો કે આરોપી પાઇલોટ કટ્ટરપંથી વિચારધારાથી પ્રેરિત હતો અને તેણે મહિલાઓ સાથે હાથ મિલાવવાનો ઇનકાર કર્યો હતો. બુધવારે ઈઝરાયેલ આવી રહેલી ફ્લાઇટ યુએઈની ફ્લાયદુબઈ એરલાઇનની હતી. ઈઝરાયેલ અને ફ્લાયદુબઈ વચ્ચે એક કરાર છે. આ કરારમાં એવી શરત મૂકવામાં આવી છે કે પાઇલોટો એવા દેશોના હોવા જોઈએ જેમના ઈઝરાયેલ સાથે રાજદ્વારી સંબંધો છે. યુએઈ સહિત ફક્ત થોડા જ આરબ દેશો ઈઝરાયેલને માન્યતા આપે છે. ઓમાન તેમાં સામેલ નથી. ઓમાન અને ઈઝરાયેલ વચ્ચે રાજદ્વારી સંબંધો નથી. ઓમાને હજુ સુધી ઈઝરાયેલને માન્યતા આપી નથી. તેથી, કરાર મુજબ ઓમાની પાઇલોટ ઈઝરાયેલ જઈ શકતો નથી. આનાથી પ્રશ્ન ઊભો થાય છે કે શું આ એક કાવતરું હતું, કારણ કે કોઈ પણ ફ્લાઇટ અનેક સ્તરોની ચકાસણીમાંથી પસાર થાય છે અને સ્ટાફનો સંપૂર્ણ રેકોર્ડ જાળવી રાખે છે. ઇઝરાયલી એજન્સીઓ હવે તપાસ કરી રહી છે કે ઓમાની પાઇલોટને તેલ અવીવ જતી ફ્લાઇટ ઉડાવવા માટે કેવી રીતે અધિકૃત કરવામાં આવ્યો

**ટૂંધ પોઇન્ટ**
**■ સંજય વોરા ■**

હતો. દુબઈથી ઈઝરાયેલ જતી ફ્લાઇટ ક્રેશ થવાનો પ્રયાસ કરવામાં આવેલા બચાવમાં ભારતીય કેપ્ટન સ્મિત મચ્છર એક મુખ્ય વ્યક્તિ છે. સ્મિત મચ્છરનો બોઈંગ ૭૩૭ ઉડાવવાનો ૯,૭૫૦ કલાક અનુભવ કામ આવ્યો હતો. ફ્લાયદુબઈમાં ડાયરેક્ટ એન્ટ્રી કેપ્ટન તરીકે જોડાતાં પહેલાં સ્મિત મચ્છરે સ્પાઇસજેટ સાથે ૧૧ વર્ષ ગાળ્યાં હતાં, જ્યાં તેમણે નવેમ્બર ૨૦૨૨ થી લાઇન ટ્રેનિંગ કેપ્ટન તરીકે સેવા આપી હતી. સ્મિત મચ્છરે વર્ષોથી ફ્લાઇટ સિમ્યુલેટરમાં પ્રેક્ટિસ કરી હતી, જેથી તેઓ ગંભીર કોકપીટ કટોકટી, ડ્યુઅલ કંટ્રોલ મુશ્કેલીઓ અને ફ્લાઇટ દરમિયાન અચાનક કેબિન ડિકમ્પ્રેશન જેવી પરિસ્થિતિઓનું નિવારણ કરી શકે. કટોકટી દરમિયાન તેમણે તેમની ફ્લાઇટ તાલીમનો ઉપયોગ કર્યો અને આખરે ૧૮૦ મુસાફરોને બચાવ્યાં હતાં. પ્રતિબંધિત ફ્લાઇટ ડેકમાં હિંસક ઝઘડામાં ઘાયલ થયા હોવા છતાં કેપ્ટન સ્મિત મચ્છરના અનુભવે ક્રૂને વિમાન પર ફરીથી નિયંત્રણ મેળવવામાં અને સાઉદી અરેબિયાના તાબુક તરફ કટોકટી ડાયવર્ઝન કરવામાં મદદ કરી હતી. આ ઘટના બાદ ઇઝરાયલી વડા પ્રધાને તેમને સાચા હીરો તરીકે બિરદાવ્યા હતા. ઇઝરાયલી જનતા પણ સોશ્યલ મીડિયા પર તેમને હીરો તરીકે બિરદાવી રહી છે.

આ ઘટનાએ યુએઈ-ઈઝરાયેલ વચ્ચેના સંબંધો અને અબ્રાહમ કરાર તરફ પણ ધ્યાન દોર્યું છે. શું આ ઘટના ઈઝરાયેલ અને યુએઈ વચ્ચે સતત સુધરતા હવાઈ સંપર્કો પર નકારાત્મક અસર કરશે કે શું આ રૂટને અબ્રાહમ કરારને નબળો પાડવાના પ્રયાસમાં લક્ષ્ય બનાવવામાં આવ્યો છે તે અંગે પ્રશ્નો ઊભા થયા છે. ઈઝરાયેલના પરિવહન પ્રધાન મીરી રેગેવે બંને દેશો વચ્ચેના રૂટના વ્યૂહાત્મક મહત્ત્વ હોવા છતાં ઈઝરાયેલ માટે ફ્લાયદુબઈની ફ્લાઇટો સ્થગિત કરવાની હાકલ કરી છે. તેમણે નાગરિક ઉડ્ડયન સત્તામંડળને તપાસ કરવાનો નિર્દેશ આપ્યો છે કે શું યુએઈએ ઈઝરાયેલ સાથેના કરારનું ઉલ્લંઘન કર્યું છે, જેમાં એવી શરત મૂકવામાં આવી છે કે રાજદ્વારી સંબંધો ધરાવતા દેશોના પાસપોર્ટ ધરાવતા પાઇલોટ જ ઈઝરાયેલમાં ઊતરી શકે છે. ઓમાન આ દેશોમાંનો એક નથી. આ રૂટ પર ટ્રાફિક અટકાવવાથી ઈઝરાયેલ-યુએઈ સંબંધો પર અસર પડી શકે છે.

તાજેતરનાં વર્ષોમાં યુએઈ અને ઈઝરાયેલ વચ્ચે હવાઈ સેવામાં સતત વધારો થયો છે. ગાઝા પર ઈઝરાયેલના તીવ્ર હુમલાઓ છતાં બંને દેશો વચ્ચે હવાઈ જોડાણ સતત વિસ્તરતું રહ્યું છે. જાન્યુઆરીમાં એતિહાદ એરવેઝે ઈઝરાયેલ માટે એક નવો નિયમિત રૂટ શરૂ કરવાની જાહેરાત કરી હતી, જેમાં દૈનિક છ ફ્લાઇટ હતી. અગાઉ અબુ ધાબી સરકારની માલિકીની એરલાઇન કોઈ પણ એક ગંતવ્ય માટે દરરોજ પાંચથી વધુ ફ્લાઇટો ચલાવતી નહોતી. ૨૦૨૦ માં સીધી ફ્લાઇટો શરૂ થયા પછી, યુએઈ અને ઈઝરાયેલ વચ્ચે હવાઈ ટ્રાફિક ઝડપથી વધ્યો છે. ફ્લાઇટ્સની સંખ્યા ધીમે ધીમે વધી, જે ૨૦૨૧ માં દરરોજ ૧૦ પર પહોંચી ગઈ. જાન્યુઆરીમાં એતિહાદની છ ફ્લાઇટના ઉમેરા સાથે દૈનિક સીધી ફ્લાઇટની કુલ સંખ્યા એક નવા રેકોર્ડ પર પહોંચી ગઈ હતી. વિમાનના કોકપીટમાં ઘણી વાર નાની કુહાડી હોય છે. ઉડ્ડયનની ભાષામાં તેને ક્રેશ કુહાડી કહેવામાં આવે છે. તે વિમાનનાં કટોકટી સાધનોનો એક ભાગ છે. ક્રેશ કુહાડી ક્રૂને વિમાનની અંદર કટોકટીનો સામનો કરવામાં મદદ કરવા માટે બનાવવામાં આવી છે. પેનલ અથવા વિમાનના અન્ય ભાગ પાછળ આગ લાગવાની સ્થિતિમાં આ સાધનનો ઉપયોગ તે વિસ્તાર સુધી પહોંચવા માટે થાય છે. કટોકટી દરમિયાન માર્ગ સાફ કરવા અથવા અવરોધ દૂર કરવા માટે પણ ક્રેશ કુહાડીનો ઉપયોગ કરી શકાય છે. તેનો હેતુ ક્રૂને વિમાનની અંદરનો રસ્તો સાફ કરવામાં અને કટોકટીનો સામનો કરવામાં મદદ કરવાનો છે. આ સાધન સલામતી અને સુરક્ષા માટે વિમાનમાં રાખવામાં આવ્યું છે. જો કે, આ ઘટનામાં તેનો ઉપયોગ હથિયાર તરીકે કરવામાં આવ્યો હતો. એરલાઇન ફ્લાયદુબઈએ હજુ સુધી વિમાનની અંદર શું બન્યું તે સ્પષ્ટ કર્યું નથી. એરલાઇને જણાવ્યું હતું કે ઘટનાનું કારણ અને સંજોગો તપાસ હેઠળ છે અને હાલમાં ઉતાવળમાં કોઈ નિષ્કર્ષ કાઢવા જોઈએ નહીં. ઈઝરાયેલ જતાં વિમાન પરના હુમલાનો સંબંધ જિયો પોલિટિક્સમાં ચાલતી ઊથલપાથલ સાથે પણ હોઈ શકે છે. આરબ દેશો અને ઈઝરાયેલ વચ્ચે વધી રહેલા અંતરની તે નિશાની હોઈ શકે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**ઈઝરાયેલ જતાં વિમાન પરના હુમલાનો સંબંધ જિયો પોલિટિક્સમાં ચાલતી ઉથલપાથલ સાથે પણ હોઈ શકે છે. આરબ દેશો અને ઈઝરાયેલ વચ્ચે વધી રહેલા અંતરની તે નિશાની હોઈ શકે છે**


RAJHANS ®
ગોપીતળાવ
નવસારી બજાર, સુરત



ક્રાઈમ, સસ્પેન્સ, રહસ્ય
દ્રશ્યમ-3
૧૦.૦૦, ૧૨.૦૦, ૧.૦૦, ૩.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૭.૦૦, રાત્રે ૮.૦૦, ૯.૦૦, ૧૦.૦૦, ૧૦.૫૦

| પેરેડાઈઝ | વ્વાન | ‘પ્રેમ કીતાનુ’ |
|---|---|---|
| સવારે: ૧૧.૦૦ | ૨.૪૫ | ૫.૩૦ |

થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.



!!જળ એ જીવન!!

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,**
**ઇ-ટેન્ડરીંગ નિવિદા નં.૦૯ સને ૨૦૨૬-૨૦૨૭**
(સંપર્ક નં.૯૯૦૯૯૫૫૬૦૯) (ત્રીજો પ્રયત્ન)

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, દ્વારા ઇ-ટેન્ડરીંગ પદ્ધતિથી આઇ.ડી.નં- ૩૫૦૧૭૨ જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, આહવા દ્વારા માન્ય એ-ક્લાસ અને ઉપરના નોંધાયેલા કોન્ટ્રાક્ટરો પાસેથી જી.ડાંગ માટે આહવા તાલુકા (મ અને નિ) પાણી પુરવઠા યોજના માટે કાર્યપાલક ઇજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ ગુ.પા.પુ ગ. અને ગ.વ્ય.બોર્ડ, જલભવન, સાપુતારા રોડ, આહવાની કચેરી દ્વારા ઓનલાઇન ટેન્ડર માંગવામાં આવેલ છે. ઓનલાઇન ટેન્ડર ભરવાની છેવટની તા.૧૭/૧૦/૨૦૨૬, ૧૮.૦૦ કલાક સુધી નિવિદા વિગતવાર વેબસાઇટ www.gwssb.org, www.gwssb.nprocure.com, www.statetender.com ઉપલબ્ધ છે.

ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે !!ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ!! નો હેલ્પલાઇન નંબર !!૧૯૧૬!! ઉપર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે.

(જી.એન.પટેલ)
કાર્યપાલક ઇજનેર
જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ
ક્રમાંકઃ માહિતી/ડાંગ/૧૧૧/૨૦૨૬ આહવા-ડાંગ.



**દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ**
DGVCL
CIN U40102GJ2003SGC042909
વલસાડ ગ્રામ્ય વિભાગીય કચેરી
કન્ટ્રીક્લબ રિસોર્ટ પ્રથમ માળ, પોસ્ટ- વશિયર, વલસાડ:396007
Email: eevalsadr.dgvcl@gebmail.com
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

**વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત**

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે, અમારા ૧૧ કેવી ફીડર ઉપર નીચે જણાવેલ તારીખ અને સમયે ૬૬ કેવી એસ.એસ. માં અગત્યનું સમારકામ કરવાનું હોવાથી વીજ પ્રવાહ બંધ રહેશે.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટ સેન્ટર નં. | તારીખ/વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી. ડુંગરી એસ.એસ. | ૬૬ કે.વી. ડુંગરી એસ.એસ. માંથી નીકળતા તમામ ૧૧ કેવી ફીડર. | ડુંગરી, ધરાસણા | ૧૯૧૨૩ | ૦૫-૧૦-૨૦૨૬ સોમવાર | ૦૮:૦૦ થી ૧૬:૦૦ |

સમારકામ પૂર્ણ થયેથી કોઈપણ પ્રકારની પૂર્વ સૂચના આપ્યા સિવાય વીજ પ્રવાહ ચાલુ કરવામાં આવશે. જેની નોંધ લેવી.
કાર્યપાલક ઇજનેર (સં. અને નિ.), દ.ગુ.વી.કં.લિ., ગ્રામ્ય વિભાગીય કચેરી, વલસાડ,
એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચોઅને વીજ અકસ્માતો ટાળો



**ઓનલાઈન ટેન્ડરીંગ**
**માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય**
**ટેન્ડર નોટિસ નં. ૧૫ સને ૨૦૨૬-૨૦૨૭**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, નવસારી (મા.અને મ.) વિભાગ, જૂનાથાણા, નવસારી જિ.નવસારી ફોન નં. ૦૨૬૩૭-૨૫૮૦૪૧ તરફથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ બે કવર (ક્વોલીફીકેશન બીડ, ટેકનીકલ અને પ્રાઈસ બીડ) ફોર્મ એસબીડી પદ્ધતિથી ગુજરાત રાજ્યમાં અથવા અન્ય રાજ્યમાં અથવા સી.પી.ડબલ્યુ.ડી.માં નોંધાયેલ નીચે જણાવેલ વર્ગમાં અથવા સમકક્ષ નોંધાયેલ ઈજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે ટેન્ડર માંગવામાં આવે છે.

| ક્રમ | કામનું નામ | અંદાજીત કિંમત | બાનાની રકમ | ટેન્ડર ફી | લાયકાત |
|---|---|---|---|---|---|
| ૧ | રીસફેસીંગ ઓફ વેસ્મા - મરોલી - ઉભરાટ રોડ કિ.મી. ૦/૦ થી ૨૭/૬૦૦ (વ.સે. ૦/૦ થી ૧૭/૦ જી.નવસારી (સીઆરઆઈએફ: ૨૦૨૫-૨૬) | ૨૨,૦૦,૨૫,૧૬૦.૭૮ | ૨૨,૦૧,૦૦૦/- | ૧૮,૦૦૦/- | "એએ" ક્લાસ અને સ્પે. કેટે. ૧ (રસ્તા) |

ટેન્ડરના દસ્તાવેજો વેબસાઈટ https://eprocure.gov.in/cppp પર જોવા મળશે અને ટેન્ડર દસ્તાવેજ ઓનલાઈન સબમીશનની તા.૨૨/૧૦/૨૦૨૬ ૧૨.૦૦ કલાક સુધી છે.
ટેન્ડરના પ્રી-ક્યુ બીડ તા.૨૩/૧૦/૨૦૨૬ ના રોજ અધિક્ષક ઈજનેરશ્રી, સુરત (મા. અને મ.) વર્તુળ, સુરતની મીટીંગ હોલમાં બપોરે ૧૨.૦૦ કલાકે ઓનલાઈન ખોલવામાં આવશે.
ટેન્ડરની પ્રી-બીડ કોન્ફરન્સ તા.૧૨/૧૦/૨૦૨૬ બપોરે ૧૨.૦૦ કલાક પછી અધિક્ષક ઈજનેરશ્રી, સુરત (મા. અને મ.) વર્તુળ, સુરતની કચેરીમાં રાખવામાં આવેલ છે.
ટેન્ડર ફી નાં ડીમાન્ડ ડ્રાફ્ટ તથા બાના રકમની એફ.ડી.આર, માન્ય નોંધાયેલ રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર, બેંક સોલવંશી (માન્ય) ભાગીદાર કરાર વગેરે ઈલેક્ટ્રોનીક ફોર્મેટથી (સ્કેનિંગથી) રજુ કરવાનું રહે છે.
ટેન્ડર ફી તથા બાનાની રકમનો મૂળ દસ્તાવેજ તા.૨૩/૧૦/૨૦૨૬ થી તા.૨૯/૧૦/૨૦૨૬ દરમ્યાન કાર્યપાલક ઈજનેરશ્રી, નવસારી (મા.અને મ.) વિભાગ, નવસારીના સરનામે અને કવર ઉપર કામનું નામ જણાવી રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટ થી પણ અવશ્ય મોકલવું.
નિવિદા રાજ્ય સરકારની વેબ સાઈટ http://www.statetenders.gujarat.gov.in ઉપર પણ જોવા મળી શકશે.
વધુ વિગત માટે ઉપરોક્ત વેબસાઈટનો સંપર્ક સાધવા વિનંતી.

માહિતી/નવસારી/ ૩૪૨ / ૨૦૨૬



APPLE CINEMA
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
ફ્રી માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. ☎: 99984 46007
Book Tickets Now from : bookmyshow.com paytm @: @applecinemasurat
ક્રાઈમ, સસ્પેન્સ રહસ્ય રોમાંચક



દ્રશ્યમ- 3 (હિન્દી)
ધવ્વાન (હિન્દી)
હનુમાન અંશ (હિન્દી)
પ્રેમ કિતાનુ (હિન્દી)
AVENGERS (હિન્દી)
ધ પેરેડાઈઝ (હિન્દી)
મિત્રતા ગુજરાતી
ચટણી ગુજરાતી



ફક્ત રૂ. ૮૦/- થી શરૂ
ક્રાઈમ, સસ્પેન્સ, રહસ્ય...



દ્રશ્યમ-3
અજય દેવગન, તબ્બૂ, શ્રિયા સરન
૧૨.૨૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
(હિન્દી) સુપરહીટ ચિત્ર



ધ પેરેડાઈઝ
નાની જડાલ, રાઘવ, કીયાડુ લોહર
૧૨.૨૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.



RAJ IMPERIAL INOX
Booking Movie Tickets @ Raj Imperial Inox
Ph.: 02612577777
વરાછા સરથાણા નેચર પાર્ક પાસે
ક્રાઈમ, સસ્પેન્સ, રહસ્ય, રોમાંચક



દ્રશ્યમ-3 અજય દેવગન, તબ્બુ, જયદીપ, પ્રકાશરાજ, શ્રિયાસરન, રજતકપુર
ATMOS : 9.00 am, 10.00 am, 11.00 am, 12.00 pm, 1.00 pm, 2.00 pm, 3.05 pm, 4.00 pm, 5.00 pm, 7.10 pm, 8.10 pm, 9.15 pm, 10.15 pm, 11.10 pm
રેગ્યુલર : 4.35 pm, 7.40 pm, 10.45 pm
પ્રેમ કિતાનુ (હિન્દી) : 10.35 am, 1.30 pm, 4.25 pm, 7.20 pm, 11.10 pm
Doraemon The Move : Castle of the Under Sea Devil (હિન્દી) : 10.05 am, 5.55 pm
હનુમાન અંશ (હિન્દી) 9.35 am, 10.15 pm
ધ વ્વાન 3.00 pm, 8.15 pm
મિરઝાપુર (ધ મુવી) 12.40 pm
મિત્રતા (ગુજરાતી) : 12.25 pm